ફોજદારી કેસ નં. ૬૩૪૩૬/૧૭

૧) આ કામમાં દાણીલીમડા/બાપુનગર પો.સ્ટેશન વ્દ્રારા આરોપી વિરુધ્ધ ધી જુગાર ધારા કલમ–૧૨(અ) મુજબના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે. આ કામે આરોપી અદાલતમાં હાજર થતાં તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રિ.પ્રો.કોડ કલમ–૨૦૭ અન્વયે વિના મુલ્યે આપવામાં આવેલ છે. આરોપી સ્પેશીયલ સીટીંગ અન્વયે હાજર રહેલા છે અને તેઓએ સ્પેશીયલ સીટીંગ અન્વયે સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરવા માંગતા હોઈ તેઓ વ્દ્રારા ગુના કબુલાત પુરસીસ રજુ આંક–ર, થી કરેલ છે અને ત્યારબાદ આરોપીની ધી જુગાર ધારા કલમ–૧૨(અ) ના ગુના માટે પ્લી/નિવેદન લેતા તેમાં પણ આરોપીએ ગુનો કબુલ હોવાનું જણાવેલ છે.

૨) સજા બાબતે આરોપીને સાંભળતા, આરોપીએ સ્વેચ્છાએ ગુનો કબુલ કરેલ છે અને તે ગરીબ વ્યકિત છે અને તેનો આ પ્રથમવારનો ગુનો છે, જેથી તેમને યોગ્ય દંડ કરવા જણાવે છે. એ.પી.પી.શ્રીએ આરોપીને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.

૩) આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરુધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાનમાં લેતાં ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરું છું.

– ૦ હુકમ ૦ –

આરોપીને ધી જુગાર ધારા કલમ–૧૨(અ) મુજબના ગુના માટે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૨ અન્વયે તકસીરવાન ઠરાવી કોર્ટ ઉઠતા સુધીની સજા અને રૂા.૧૦૦/– (અંકે રુપીયા એકસો) પુરા દંડ કરવામાં આવે છે. જો દંડ ના ભરે તો આરોપીને દિવસની સાદી કેદની સજા કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

અમદાવાદ.
તા. ૧૩–૭–૨૦૧૯

(એ.એચ.મુન્દ્રા)
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૪,અમદાવાદ.
GJ-01010